Gujarati

**કોરોનાવાઈરસ (Coronavirus) માટે વેકસીન કે રસી**

કોરોનાવાઈરસ (COVID-19) એ કોઈ એક નવો વાઈરસ છે કે જે લોકો વચ્ચે સહેલાઈથી પ્રસારણ થાય છે. ડિમેનશિઆના સમાવેશ સાથેના વયોવૃધ્ધ લોકો, જો તેઓને કોરોનાવાઈરસ થાય તો, તેઓને ખૂબજ અસ્વસ્થ બનવાનો સૌથી જોખમ- ભય હોય છે. હજી સુધી આ વાઈરસ માટે કોઈ ઈલાજ નથી, પણ COVID-19 માંથી આપણુ રક્ષણ કરવા માટે ઘણા બધા વૈજ્ઞાનિકો રસી કે વેકસીન બનાવવા કાર્ય કરી રહ્યા છે.

થોડીક- અમુક વેકસીનની તપાસ- કસોટી વોલન્ટિઅર્સ ઉપર કરવામાં આવી રહી છે. પણ હજી સુધી કોઈ કાર્ય કરી શકે તેવુ વેકસીન કોઈએ શોધ્યુ નથી.

એવો કોઈ પુરાવો નથી કે કસોટી કરવામાં આવતા કોઈ પણ વેકસીન્સ આફ્રિકન, એશિયન, કેરિબિઅન અથવા બીજી માઈનોરિટિ એથનિક ઓરિજીન કમ્યૂનિટિને નુકસાનકારક હોય.

યાદ રાખો કે જો તમને અસ્વસ્થતા લાગે તો તમારે હંમેશા તમારા જીપીનો (GP) સંપર્ક કરવો જોઈએ અથવા 111 ઉપર NHS ને ફોન કરો.

બધાજ સમયે સરકારનું માર્ગદર્શન અનુસરો.

રેઈસ ઈકવાલિટિ ફાઉન્ડેશનની વેબસાઈટ ઉપર વધારે માહિતી અને સલાહ મળી શકે.